# પ્રાંતિજમાં ઉનાળાના પ્રારંભમાં જ પાણીનો પોકાર

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર આવેલ સોસાયટીઓમાં છેલ્લા કેટલાય દિવસોથી પાણી આપવામાં તંત્ર દ્વારા અવરચંડાઈ કરાતા રહીશો પાણી માટે વલખા મારે છે અને છતાં પાણીએ સોસાયટીના રહીશોને પાણી વગર રખાતા રહીશો ઉનાળાના પ્રારંભે જ પાણીની સમસ્યાને લઈને પરેશાનમાં મુકાયા છે.

પ્રાંતિજ નાક સમાન એપ્રોચરોડ ઉપર આવેલ કેટલીય સોસાયટીઓમાં છેલ્લાં કેટલાય દિવસોથી પાણી ના મળતા રહીશો પ્રાથમિક સુવિધા પાણીને લઈને મુશ્કેલીઓમાં મુકાયા છે અને ઘર વપરાશ સહિત રોજીદી પ્રાથમિક



સુવિધાઓ ઉપયોગી પાણી વગર રહીશોની હાલત કફોડી બની છે. તો પાણી હોવા છતાં પાણી મેનેજમેન્ટ સંચાલક તંત્ર દ્વારા અવરચંડાઈ કરાતા હાલ તો રહીશો પાણી વગર મુશ્કેલીઓ ઉભી થઈ છે. તો ટેન્કર દ્વારા પણ પાણી પુરૂ પાડવામાં આવતું નથી અને રહીશોને કહેવામાં આવે છે કે ટેન્કરનો કોક બગડ્યો છે. ત્યારે ટેન્કર તેમના માનીતા કોન્ટ્રાક્ટરો તથા કોર્પોરેટરોને આપવામાં આવે છે પણ રહીશો માંગણી કરે તો ફોન ઉપર ટેન્કરનો કોક ટુટી ગયો છે રીપેરીંગ કરાવવાની છે તેવાં જવાબો આપવામાં આવે છે. તો આજ વિસ્તારની ગંગોત્રીપાર્ક, હરિઓમ પાર્ક, આશીર્વાદ સોસાસાયટી સહિતની સોસાયટીઓમા જ પાણીની અવાર-નવાર સમસ્યાઓ ઉભી થવાં છતાં પાલિકાતંત્ર દ્વારા કે આ વિસ્તારના કોર્પોરેટરો દ્વારા કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી તો પાણી નથી કે પાણીની સમસ્યાં ખરેખર છે તો અઠવાડિયાંમા એક વખત પાણી છોડવામાં આવે છે. તે પાણી ક્યાથી આવે છે અને બાકીના દિવસો માંડમાંડ પાંચ મીનીટ પણ પાણી આપવામાં આવતું નથી. ત્યારે વિસ્તારના રહીશોને જાણી જોઈને પાણીથી વંચિત રાખવામાં આવતાં હોવાનું સોસાયટીના રહીશો જણાવી રહ્યાં છે ત્યારે જો આવનાર દિવસોમાં નિયમીત રીતે પાણી નહી આપવામાં આવે તો સોસાયટીના રહીશો ગાંધી ચિંધ્યા માર્ગે જવાની ચિમકી ઉચ્ચારી રહ્યાં છે.




યાત્રાધામ અંબાજી ખાતે કરોડો રૂપીયાનાં ખર્ચે બનેલી આધ્યશક્તિ હોસ્પીટલ માત્ર શોભાના ગાઠીંયા હોય તેવી બની ગઈ છે. અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા અંદાજે રૂપીયા ૨૨ કરોડનાં ખર્ચે ૨૦૦ બેડની અધ્યતન હોસ્પીટલ બનાવાઈ છે. જેનું ૪ વર્ષ અગાઉ લોકોર્પણ કરાયુ હતુ પણ આ હોસ્પીટલમાં ફિઝીસીયેન, ગાઈનેક, ઓર્થોપેડીક, પીડીયાટ્રીશીયન, એન્થેસ્ટીક જેવાં ડોક્ટરોની કોઈ જ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી નથી. પરીણામે અંબાજી સહીત આદીવાસી લોકો તથા યાત્રીકોને ભારે હાલાકી વેઠવી પડે છે. અંબાજીની આસપાસ ઘાટીઓમાં સર્જાતા પારાવાર અકસ્માત કે પછી સ્થાનિક મહીલાઓને પ્રસૃતી જેવી ઘટનામાં દર્દીઓને મોંતને ભેટવું પડે છે. જેને લઈ સ્થાનિક લોકોમાં ભડકેલાં ભારે રોષને લઈ આજે એક વિશાળ રેલી યોજીને હોસ્પીટલ સંચાલક અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યુ છે. એટલું જ નહીં જો હોસ્પીટલમાં ૧૫ દિવસમાં વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં નહીં આવે તો ૧૫ દિવસ બાદ ઉગ્ર આંદોલન સહીત હોસ્પીટલને તાળાબંધી જેવા કાર્યક્રમ આપવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

## રાજેન્દ્ર પારઘીની કપડવંજ તાલુકા પંચાયતના નિરીક્ષક તરીકે નિમણુંક

ભિલોડા,તા.૨

અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખની ખેડા જીલ્લાના કપડવંજ તાલુકા પંચાયતના નિરીક્ષક તરીકે



નિમણુંક કરતાં કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકરોમાં આનંદની લાગણી પ્રસરી છે.ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતી પ્રમુખ ભરતસિંહ સોલંકીએ અરવલ્લી જીલ્લા પંચાયતના પ્રમુખ રાજેન્દ્રભાઈ કાંતીલાલ પારઘીની ખેડા જીલ્લાના કપડવંજ તાલુકા પંચાયતના નિરીક્ષક તરીકે નિમણુંક કરતાં શુભેચ્છકોએ બિરદાવ્યા હતા.

# આખરે સાબરડેરીમાં કસ્ટોડીયન નિમાયા નિયામક મંડળની ચૂંટણીની કાર્યવાહી કરશે

### ૬ ફેબ્રુઆરીએ વધુ સુનાવણી હાથ ધરાશે : કસ્ટોડીયન તરીકે રાજ્યના જોઈન્ટ રજીસ્ટ્રાર માર્કેટીંગને મુકાયા

હિંમતનગર, તા. ૨

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના દૂધ ઉત્પાદકો માટે જીવાદોરી સમાન સાબરડેરીના નિયામક મંડળની મુદત પૂર્ણ થઈ ગઈ હોવા છતા ફરીથી ચૂંટણી ન કરાતા એક મંડળી દ્વારા હાઈકોર્ટમાં રીટ કરવામાં આવી હતી. જેના ભાગરૂપે હાઈકોર્ટે તાત્કાલિક સાબરડેરીમાં કસ્ટોડીયનની નિમણૂંક કરવાના કરેલા આદેશ બાદ ગુરૂવાર તા. ૧ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ સાબરડેરીનો વહિવટ કસ્ટોડીયનના હવાલે કરાયો છે જેથી તેઓ કોર્ટના આદેશ અને સહકારી સંસ્થાઓના નિયમોને આધિન રહીને નિયામક મંડળની ચૂંટણી કરાવશે.

આ અંગે જિલ્લા રજીસ્ટ્રાર એસ.પી. ચૌહાણના જણાવ્યા મુજબ સાબરડેરીના નિયામક મંડળની મુદત ઘણા સમયથી પૂર્ણ થઈ ગઈ હોવા છતા સહકારી ક્ષેત્રના અગ્રણીઓ કાયદાની છટકબારી શોધીને ચૂંટણીને પાછી ઠેલી રહ્યા હતા જેથી થોડા દિવસ અગાઉ ગલીયાદીંતી દૂધ મંડળીના ચેરમેને નિયામક મંડળની ચૂંટણી કરવા માટે હાઈકોર્ટમાં રીટ દાખલ કરી હતી જે અંગે તાજેતરમાં થયેલી સુનાવણી દરમિયાન સાબરડેરીમાં સત્વરે કસ્ટોડીયનની નિમણુંક કરી ચૂંટણીની પ્રક્રિયા હાથ ધરવા આદેશ કર્યા હતા.

જેના પરીણામ સ્વરૂપે રાજ્યના સહકાર વિભાગ દ્વારા સાબર ડેરીમાં કસ્ટોડીયન તરીકે રાજ્ય રજીસ્ટ્રાર કચેરીના જોઈન્ટ રજીસ્ટ્રાર (માર્કેટીંગ, ગાંધીનગર)ના વાય.એ. બલોચની નિમણૂંક કરવામાં આવી હતી જેથી તેમણે તા. ૧ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ સાબરડેરીના કસ્ટોડીયન તરીકેનો ચાર્જ સંભાળી લીધો છે. ઉલ્લેખનીય છે કે હાઈકોર્ટમાં કરાયેલ દાવા બાદ ન્યાયાધીશ શાસ્ત્રીની કોર્ટમાં આગામી તા. ૬ ફેબ્રુઆરીના રોજ વધુ સુનાવણી હાથ ધરવામાં આવનાર હોવાથી તે અંગે જિલ્લા રજીસ્ટ્રારે આ મુદ્દે જરૂરી એવા દસ્તાવેજી પુરાવા હાથવગા કરી લીધા છે.

ઉલ્લેખનીય છે કે થોડા વર્ષો અગાઉ સાબરકાંઠા જિલ્લા દૂધ મંડળી એસોસીએશનના પ્રમુખ મહેન્દ્ર પટેલે અભિયાન ચલાવીને દૂધ મંડળીના સભાસદોમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કર્યો હતો જેથી હવે જોવાનુ એ રહે છે કે નામદાર હાઈકોર્ટ સાબરડેરીના નિયામક મંડળની ચૂંટણી કેવી રીતે કરાવે છે તે સમય બતાવશે જો કે સહકારી રાજકારણના માધાંતાઓ આ મામલે પોતાનો રોટલો શેકવા માટે કાયદાની છટકબારી શોધીને ચૂંટણીને વિવાદમાં નાખી સમય વેડફશે કે નહિ તે હાલના તબક્કે કશુ કહી શકાય તેમ નથી.

# નડિયાદમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં જવલંત વિજય મેળવવા સૌને જીતુભાઈ વાઘાણીની હાકલ

નડીઆદ, તા. ૨



નડીઆદ ભાજપના કાર્યાલય કમલમ ખાતે આજે વિજય વિશ્વાસ સંમેલનનું આયોજન કરાયુ હતું. આ સંમેલનમાં ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ સ્થાનિક સ્વરાજની યોજાનારી ચૂંટણીઓમાં જવલંત વિજય મેળવવા માટે અને ભારત માતાને પરમ વૈભવની શિખરે પહોંચાડવા માટે ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી અને ડૉ. દિનદયાળ ઉપાધ્યાયના આદર્શ ભારતના સેવેલા સ્વપ્રને સાકાર કરવા માટે સૌ કાર્યકરોને કટીબદ્ધ બનીને ચૂંટણીમાં જવલંત વિજય મેળવવા હાંકલ કરી હતી. વધુમાં વાઘાણીએ જણાવ્યું હતું કે દરેક વ્યક્તિમાં મતભેદ હોઈ શકે છે ગમો-અણગમો પણ ક્યારેક સંભવિ શકે છે પરંતુ ઈચ્છીત પરિણામ મેળવવા માટે ઉમેદવારોએ સૌથી નાના બની ટીમ બનાવી, સંગઠનની સુગઠીત રચના કરીને ચૂંટણીના પરિણામો હાંસલ કરવાના છે. આ ચૂંટણીએ ખુબ જ ગંભીરતાથી લેવાની છે અને પરિશ્રમ થકી પરિણામ લાવવાનું છે. આપણે રાજનિતિમાં છીએ ત્યારે નાનામાં નાના વ્યક્તિની અપેક્ષાને સંતોષવા જોઈએ તેવી શીખ આપી હતી.

આ પ્રસંગે ઝોન પ્રભારી અને પ્રદેશ મહામંત્રી શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે મતદારોનો ઝોક આપના તરફી ખુબ જ વધ્યો છે જેના પરિણામે નડીઆદ અને મહેમદાવાદ બેઠકો ઉપર વીસ હજારથી વધુ મતોની લીડ મેળવી છે.

આ પ્રસંગે વિધાનસભાના મુખ્ય દંડક પંકજભાઈ દેસાઈ, પ્રભારી જયસિંહજી ચૌહાણ, જિલ્લા પંચાયતના પ્રમુખ જયંતિભાઈ સોઢા, ધારાસભ્યો કેસરીસિંહ સોલંકી, અર્જુનસિંહ ચૌહાણ તથા ભાજપના અગ્રણીઓ ભારતસિંહ પરમાર, રાકેશભાઈ રાવ, મણીભાઈ પટેલ, ડૉ. કે.ડી. જેસ્વાણી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### રામસિંહ પરમારનું વિશિષ્ઠ સન્માન કરાયુ

ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશનમાં ચેરમેન પદે વરાયેલા અમુલ ડેરીના ચેરમેન અને ઠાસરાના પૂર્વ ધારાસભ્ય રામસિંહભાઈ પરમારનું પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી દ્વારા વિશિષ્ઠ સન્માન કરાયુ હતુ. સહકારી ક્ષેત્રના અને શ્વેતક્રાંતિના અગ્રણીના આ સન્માનથી ભાજપના કાર્યકરોમાં નવો ઉત્સાહ પ્રવર્તી ગયો હતો.

## ધનસુરામાં કપીરાજનો આતંક

ધનસુરા નગરમાં છેલ્લા કેટલાય સમયથી કપીરાજનો આતંક વધી ગયો છે. અત્યાર સુધીમાં ૨૦ થી વધુ વ્યક્તિઓને ઘાયલ કર્યા છે. ધનસુરા નગરના લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. આ કપીરાજ ટોળાબંધી આવી તરખાટ મચાવે છે, લોકાના મકાનોમાં ઘુસી જાય છે, બાગ બગીચાને નુકસાન કરે છે, શાળામાં જતા બાળકો ડરે છે.

ધનસુરા વડાગામ રોડ ઉપર આવેલી શૈક્ષણિક સંસ્થા આગળ આ કપીરાજો ટોળાબંધી કરી શાળાના દિવાલો ઉપર કૂદે છે. શાળાએ જતા બાળકો ડરના માર્યા વાલીઓને લઈ શાળાએ જાય છે. ગ્રામ પંચાયત સત્વરે ધનસુરાની પ્રજાને કપીરાજના આતંકથી મુક્ત કરે તેમ જનતા ઈચ્છે છે.

# પાલનપુરમાં વેપારીનું અપહરણ કરી માર મારી લૂંટી લેવાયો

પાલનપુર, તા. ૨

પાલનપુરમાં ગતરાત્રે એક વેપારીનું અપહરણ થયું હતું. જોકે, પરિવારજનોએ પોલીસને જાણ કરતા અપહરણકારોએ વેપારીને મોડી રાત્રે છોડી મુક્યાં હતા. દરમિયાન આજે અપહરણકારોએ પોલીસ ફરિયાદ નહીં કરવા માટે જાનથી મારી નાંખવા ની ધમકી આપતા ચકચાર મચી જવા પામી છે.

પાલનપુર હાઈવે પરથી ગત રાત્રે અજીતભાઈ ચૌધરી નામના વેપારીનું અપહરણ કરાયું હતું. ૧૦ જેટલા ઈસમો ખાનગી ગાડીમા અપહરણ કરી લઈ ગયા હતા. એક અજાણ્યા ફાર્મહાઉસ પર લઈ જઈ વેપારીને માર મારી અને માથાના ભાગે ચપ્પાના ધા મારી દસ હજાર રૂપિયા લૂંટી રસ્તામાં ફેંકી દીધા હોવાની કેફિયત વેપારીએ રજૂ કરી હતી.

જો કે, વેપારી રોજિંદા નિત્યક્રમ મુજબ ઘેર ન આવતા ચિંતાતુર પરિવારજનોએ પોલીસને જાણ કરી હતી. ત્યારે પોલીસ હરકતમાં આવતા



અપહરણકારોએ વેપારીને છોડી મુક્યો હતો.

ગત રાત્રે વેપારી સાથે અપહરણની બનેલી ઘટનાને પગલે કલાકો વીતવા છતાં પોલીસે કોઈ ઠોસ કાર્યવાહી કરી નથી. ત્યારે પીડિત પરિવારને ત્યાં આજે સવારે બે અજાણ્યા બાઈક સવારો આવી ચડ્યા હતા. જેઓએ પોલીસ કાર્યવાહી કરવા સામે જાનથી મારી નાખવાની ધમકી આપતા પરિવારમાં દહેશતનો માહોલ સર્જાયો હતો.

પાલનપુરમા વેપારીના અપહરણના મામલે ૧૩ કલાક બાદ પણ પોલીસે ફરિયાદ લીધી નથી. ત્યારે ગતરાત્રે એક શિક્ષક દંપતીના અપહરણ સહિત એક જ દિવસમા બે અપહરણની ઘટનાઓ સામે આવતા લોકોની સુરક્ષા સામે સવાલ ઉઠ્યા છે.

## ભિલોડા શ્રી ઉત્તર બારેશી આંજણા પટેલ સમાજનો સમુહ લગ્નોત્સવ ધોલવાણી ગામમાં યોજાશે

ભિલોડા,તા.૨

ભિલોડા શ્રી ઉત્તર બારેશી આંજણા (ચૌધરી) પટેલ સમાજનો ૧૬મો સમુહલગ્નોત્સવ તા.૧૧/૨/૨૦૧૮ ને રવીવારના રોજ અર્બુદા સમાજવાડી ધોલવાણી ગામમાં યોજાશે. ભિલોડા શ્રી ઉત્તર બારેશી આંજણા (ચૌધરી) પટેલ સમાજ પ્રમુખ દલાભાઈ કે.પટેલ, ઉપપ્રમુખ રામાભાઈ એમ.પટેલ, મંત્રી કચરાભાઈ એમ.પટેલ, સહમંત્રી જેસીંગભાઈ એસ. પટેલએ જણાવ્યું હતું કે બેટી બચાવો,બેટી પઢાવો, સામાજીક બિનજરૂરી ખર્ચાઓ ઘટાડો કરો, સમાજનો વિકાસ કરવો એજ આપણું લક્ષ્ય હોવું જોઈએ તેમ જણાવ્યું હતું.૧૭ નવયુગલો પ્રભુતામાં પગલા પાડશે. ભિલોડા શ્રી ઉત્તર બારેશી આંજણા (ચૌધરી) પટેલ સમાજ સમુહ લગ્નોત્સવ સમિતી, કાર્યકરો, નવયુવકો ધ્વારા ૧૬મો સમુહ લગ્નોત્સવની તાડામાર તૈયારીઓ ચાલી રહી છે.

## ફાઈનલ જંગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાકિસ્તાન સામે ૨૦૩ રને જીતેલી મેચનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ઉપરાંત ટુર્નામેન્ટની પ્રથમ મેચમાં જ ઓસ્ટ્રેલિયાને ૧૦૦ રને હાર આપી હતી. પાકિસ્તાનની સામે ૨૭૨ રન બનાવ્યા બાદ પાકિસ્તાનની ટીમ ૬૯ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. હજુ સુધી દરેક જીતમાં સામૂહિક પ્રયાસો રહ્યા છે. તમામ ખેલાડીઓએ પોતાની રીતે યોગદાન આપ્યા છે. બેટ્સમેનોમાં પૃથ્વી શા અને મનજીત કાલરા દ્વારા હંમેશા સારી શરૂઆત કરવામાં આવી છે. ત્રીજા નંબર પર બેટિંગ કરી રહેલા શુભમન જોરદાર ફોર્મમાં ચાલી રહ્યો છે. તે પાકિસ્તાન સામે સદી ફટકારી ચુક્યો છે. બોલિંગમાં માવી અને કમલેશ નાગરકોટી જોરદાર ફોર્મમાં છે. અલબત્ત ઓસ્ટ્રેલિયન બેટ્સમેનોને રોકાવાની બાબત સરળ રહેશે નહીં. ઓસ્ટ્રેલિયા પ્રથમ મેચમાં મળેલી હારનો બદલો લેવાના ઈરાદાથી મેદાનમાં ઉતરશે. પ્રથમ મેચ ગુમાવી દીધા બાદ ઓસ્ટ્રેલિયા વાપસી કરીને સતત ચાર મેચ જીત્યા છે. ક્વાર્ટર ફાઈનલમાં ઈંગ્લેન્ડ ઉપર ૩૧ રને જીત મેળવી હતી. અફઘાનિસ્તાન પર છ વિકેટે જીત મેળવી હતી. મેચ સવારે ૬.૩૦ વાગે શરૂ થશે અને મેચનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૩૦મી જાન્યુઆરીના દિવસે ક્રાઈસ્ટચર્ચમાં શુભમન ગીલની શાનદાર સદી અને ઈશાન પોરેલની જોરદાર બોલિંગની સહાયથી ભારતે અંડર-૧૯ ક્રિકેટ વર્લ્ડ કપની બીજી સેમીફાઈનલમાં પાકિસ્તાન પર ૨૦૩ રને મોટી જીત મેળવી ફાઈનલમાં આગેકુચ કરી લીધી હતી. ન્યુઝીલેન્ડના ક્રાઈસ્ટચર્ચ ખાતે રમાયેલી આ મેચમાં ભારતે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ત્યારબાદ ભારતે નિર્ધારિત ૫૦ ઓવરમાં નવ વિકેટ ગુમાવીને ૨૭૨ રન કર્યા હતા. જવાબમાં પાકિસ્તાનની ટીમ માત્ર ૬૯ રનમાં ખખડી ગઈ હતી. ભારત તરફથી ઈશાન પોરેલે ચાર અને રયાન પરાગ તેમજ શિવાસિંહે બે બે વિકેટ ઝડપી હતી. પાકિસ્તાન તરફથી રોહેલે સૌથી વધારે ૧૮ રન કર્યા હતા. બાકીના તમામ બેટ્સમેનો ફલોપ રહ્યા હતા. ૨૭૩ રનના લક્ષ્યાંકનો પીછો કરતા પાકિસ્તાને કંગાળ શરૂઆત કરી હતી. તેની નિયમિત વિકેટો છેલ્લા તબક્કા સુધી પડી હતી. પાકિસ્તાન તરફથી ચોથી ઓવરમાં જ મોહમ્મદ જાયદ આલમ સાત રન કરીને આઉટ થયો હતો. ભારત તરફથી કમલેશ , શિવમ માવી, ઈશાન પોરેલની ત્રિપુટીની સામે પાકિસ્તાનના બેટ્સમેનો ટકી શક્યા ન હતા. આવતીકાલે ફરી એકવાર પાકિસ્તાન જેવો જ દેખાવ કરવાની ભારતને તક રહેશે. બંને ટીમો નીચે મુજબ છે.

ભારત અન્ડર-૧૯ : પૃથ્વી શા (કેપ્ટન), શુભમન ગિલ, મનજોત કાલરા, હિમાંશુ રાણા, અભિષેક શર્મા, રિયાન પરાગ, હાર્વિક દેસાઈ, શિવમ માવી, કમલેશ નાગરકોટી, ઈશાંત પોરેલ, અનુકુલ રાય, શિવાસિંહ, આર્યન જુયાલ, અર્શદીપ, પંકજ જાધવ.

ઓસ્ટ્રેલિયા અન્ડર-૧૯ : જાસન સંઘા (કેપ્ટન), ગિલ સદરલેન્ડ, ઝેવિયર બાર્રકેલ, મેક્સ બ્રાયન્ટ, જેક એડવર્ડ, જાક ઈવાન્સ, ઝેરોલ્ડ થ્રીમેન, રિયાન હેડલી, હોલ્ટ, નાથન મેક્સવિની, જોનાથન મેર્લો, લોયડ પોપ, પરમ ઉપ્પલ, ઓસ્ટ્રિન વો.

## પાણીનો વપરાશ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૧૫ એમ એલ ડી જેટલુ પાણી નગરને પુરુ પાડવામાં આવે છે. શહેર તેમજ શહેરી વિસ્તારના ગામોને અનુલક્ષી ૫૨ જેટલા બોર બનાવાયા છે. શહેરમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે પર્યાપ્ત સપ્લાય કરવામાં આવે છે. આમછતા સેકટરોમાં ઘણીવાર ફોર્સથી પાણી ન આવતુ હોવાનો કકળાટ ઉદભવે છે. ત્યારે સેકટરોની વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. બીજીતરફ શહેરમાં સચિવાલય અને વિધાનસભા સહીત સેકટરોમાં સ્થિત અનેકવિધ સરકારી કચેરીઓમાં પણ પાણીનો વિશેષ વપરાશ થાય છે. જયારે સરકારી કચેરીઓ અને રહેણાંક વિસ્તારમાં થતો પાણીનો બગાડ પણ ચિંતાનો વિષય છે. એક અંદાજ મુજબ શહેરમાં રોજ ૫૦ લાખ લીટર જેટલા પાણીનો બગાડ થઈ રહયો છે. ગાંધીનગરમાં પાણીના મામલે મીટર પ્રથા અમલમાં નથી. જયારે પાણી ગટર વેરાની વસુલાતનો ઉંચો આંકડો પણ તંત્રના ચોપડે ઉધાર છે. પાણી વેરાની વસુલાતના મામલે પણ નબળુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. શહેરીજનોની પાણીની જરૂરિયાત સંતોષવા માટે વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. જયારે માથાદીઠ પાણીનો સૌથી વધુ વપરાશ પણ સમગ્ર દેશમાં ગાંધીનગરાઓ કરી રહયા છે. ત્યારે પાણીનો બગાડ અટકે અને આમ નાગરિકોમાં પણ આ મામલે જાગૃતિ આવે તે પણ અનિવાર્ય છે.

## અભ્યાસ માટે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કારકિર્દીની છે તેમાં રાજ્ય સરકાર આવા એજ્યુકેશન ફેર યોજીને પુરક બનીને ઉભી છે. મુખ્યમંત્રીએ સી ફોર કોલેજ સાથે હવે સી ફોર કેરિયરનો સમય પણ છે તેની પ્રેરણા આપતા કહ્યું કે, યુવાશક્તિમાં સ્કીલ-વીલ-ઝિલ ત્રણેય પડેલા છે તેને યોગ્ય દિશાદર્શન આપી મંજિલ સુધી પહોંચાડવાનું કામ આવા ફેર થકી સરકાર કરી રહી છે. વિજય રૂપાણીએ યુવાશક્તિને વૈશ્વિકરણ અને સ્પર્ધાત્મકતાના આ યુગમાં આધુનિક પ્રવાહો સ્કીલ ડેવલપમેન્ટ અને ઈનોવેશન્સ સાથે કદમ મિલાવવાની આવશ્યકતા સમજાવી હતી. તેમણે ગુજરાતના યુવા વિદ્યાર્થીઓને આવડત કૌશલ્ય જ્ઞાનનો વિશ્વામિત્ર બની પોતાના જ્ઞાન સામર્થ્યથી વિશ્વ મિત્ર બનવા કમર કસે તેવું પ્રેરણા આહવાન કર્યુ હતું.

મુખ્યમંત્રીએ યુવાશક્તિ માટે જ્ઞાન સંપદાના અનેક અવસરોને સ્કાય ઈઝ દ લિમિટ ગણાવતા ઉમેર્યું હતું કે, ટિચિંગ હેઝ લિમિટ-લર્નિંગ હેઝ નોટ શિક્ષણની મર્યાદા હોય છે પરંતુ શીખવાની કોઈ મર્યાદા નથી. તેમણે યુવા પેઢીને મેડિકલ, ઈજનેરી, પેરા મેડિકલ જેવા ઉચ્ચ અભ્યાસક્રમોમાં સેલ્ફ ફાયનાન્સ ઈન્સ્ટીટ્યુટની ફીમાં જરૂરતમંદ યુવાનોની ૫૦ ટકા ફી રાજ્ય સરકાર મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના તહેત આપે છે તેની વિશેષતા આપતા ઉમેર્યું હતું કે, રાજ્ય સરકાર દર વર્ષ આ માટે ૮૦૦ કરોડ રૂપિયાની સહાય પુરી પાડે છે.

## વિક્રમી કડાકો...

● અનુસંધાન પહેલાનું ચાલુ

સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૧૦૧૭ની સપાટીએ રહ્યો હતો તેમાં ૧૧ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો. શેરબજારમાં ઈન્કમટેક્સ સ્લેબ યથાવત રાખવામાં આવતા તથા મ્યુચ્યુઅલ ફંડ, કેપિટલ ગેઈન ટેક્સ, કોર્પોરેટ ટેક્સના સંદર્ભમાં જાહેરાત કરવામાં આવ્યા બાદ કડાકો બોલી ગયો હતો. એ વખતે સેંસેક્સમાં ખુબ મોટો કડાકો બોલાયો હતો. લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સને લઈને જાહેરાત કરવામાં આવ્યા બાદ તેની અસર રહી હતી. જીડીપીના ફિસ્કલ ડેફિસિટ ટાર્ગેટ ૩.૩ ટકા રાખવાનું સુચન કરવામાં આવ્યું હતું. કૃષિ અને ગ્રામીણ ક્ષેત્ર પર આ વર્ષના બજેટમાં મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરાયું છે. શેરબજારમાં સામાન્ય બજેટ રજૂ કરવામાં આવે તેના એક દિવસ પહેલા મંદીનુ મોજુ ફરી વળ્યુ હતુ. આગામી દિવસોમાં બજેટની અસર હેઠળ શેરબજારમાં પ્રવાહી સ્થિતિ રહેવાની શક્યતા દેખાઈ રહી છે. બજેટ ઘણા કારોબારીઓ અને મધ્યમવર્ગ માટે નિરાશાજનક રહ્યું હતું. સરકાર વેચાણ મારફતે નાણા ઉભા કરવાની યોજના ધરાવે છે.

## કારસાનો પર્દાફાશ...

● પાંચમા પાનાનું ચાલુ

કર્યા હોવાને કારણે તેમને આ સંસ્થા સાથે કોઈ લેવા દેવા નથી તેવી રજૂઆત કરીને હિમતનગર કોર્ટમાં કેસ દાખલ કરેલો છે. અને તેની જાણ સલગ્ન વિભાગોમાં કરીને વાર્ષિક હિસાબી ગ્રાન્ટ ન ચુકવવા બાબતે તાકીદ કરી હોવા છતાં કેટલાક સરકારી અધિકારીઓ આ બોગસ મંત્રીના પ્રભાવમાં આવી જઈ ખોટા પુરાવાઓને સાચા તરીકે ગણી કાર્યવાહી કરે છે ત્યારે ભવિષ્યમાં તેમની નોકરી પર લટકતી તલવાર ક્યારે પડશે તે સમય બતાવશે.

વિમુક્ત જાતિ કલ્યાણ મંડળના પ્રમુખે દિલીપભાઈ ચૌધરી વિરુદ્ધ અનેક ઠેકાણે રજુઆતો કરી દીધી હોવા છતાં જો કોઈ બોગસ મંત્રીના માધ્યમથી સરકારી નાણાનો દુરપયોગ કરી મિલીભગત કરશે તો તેમની સામે પણ મંડળ ધ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેથી સરકાર ધ્વારા પણ આ કૌભાંડની તપાસ સત્વરે કરીને કસુરવારો સામે પગલા લેવાની તાકીદ મંડળ ધ્વારા કરવામાં આવી છે.

## થરાદના ગ્રીનપાર્ક સોસાયટીના રહીશોએ થરાદ પ્રાંતને આપ્યું આવેદનપત્ર

થરાદની ગ્રીનપાર્ક સોસાયટીના નાકા પર સોસાયટીમાં જવાના રસ્તા ઉપર વિરપ્લાઝા શોપિંગના માલિકે દબાણમાં શોપિંગ બનાવતાં શોપિંગ સેન્ટરના માલિકે રસ્તાનું માર્જિન છોડવાની જગ્યાએ ગેરકાયદેસર બાંધકામ કરી દઈ રસ્તા બાજુ સટરો મુકવામાં આવેલ છે અને શોપિંગ સેન્ટરનું ભોંયતળિયું લગભગ ૩-૪ ફૂટ ઊંચું લેવામાં આવેલ છે. જેથી દુકાનો ખરીદનાર દુકાનમાં આવવા જવા પગથિયાંની વ્યવસ્થા કરવાની થશે તે બિલકુલ રસ્તા ઉપર આવે છે અને રસ્તા સંકડાઈ જાય તેમ છે. સોસાયટીના નાકા ઉપર જ આવું બાંધકામ કરતાં વાંરવાર નગરપાલિકાનેસોસાયટીના લોકો દ્વારા છેલ્લા એક વર્ષથી જાણ કરતા હોવથી કોઈ જાતનું પાલિકા ધ્યાન ના દોરતું હોવાથી આજે સોસાયટીના લોકોએ થરાદ પ્રાંતને આવેદનપત્ર આપ્યુ હતું. છેલ્લે ગત ૩૧/૧/૨૦૧૮ના રોજ ખાત્રી કરવા ગયેલ અને ચીફ ઓફિસરને પૂછતાં તેમણે સામેથી ગ્રીનપાર્ક સોસાયટી આખી તોડી પાડવાની ધમકી આપતાં આજે ગ્રીનપાર્ક સોસાયટીના લોકોએ થરાદ પ્રાંતને આવેદનપત્ર આપ્યું હતું.


## જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત ગુંદીક્યારા ગામ-લાલોડીયા, તાલુકો-મેઘરજ મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.ગુ.ગ.વ્ય.બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ કે ઉપરના વર્ગની માન્યતા ધરાવતા ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

**ગુંદીક્યારા**

(૧) પાઈપલાઈન લેબર કામ - ૪,૯૨,૪૨૨.૫૫
(૨) ૨૦૦૦૦ લી. જમીનજળની ટાંકી - ૨,૯૨,૩૦૫.૬૧

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૬/૨/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૧૩/૨/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૧૫/૨/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી ગુંદીક્યારા જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

**ટેન્ડર મોકલવાનું સરનામું**
**અધ્યક્ષશ્રી,**
**ગુંદીક્યારા જળ અને સ્વચ્છતા સમિતિ,**
**ગામ-લીલોડીયા, તાલુકો-મેઘરજ, જીલ્લો-અરવલ્લી**